# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩૧/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ / ૫૧૭ તા. 21 OCT 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
નવરંગ આઈસ એન્ડ ફિશ
જી.આઈડી.સી. પ્લોટ નં. ૫૫૧,
ખોડિયાર ની સામે,ધરમપુર,તા.પોરબંદર
જી. :પોરબંદર, પીનકોડ : ૩૬૦૫૭૫ મોબાઈલ :

**વિષય :** અમારી ફેક્ટરીમાં ખોટી રીતે અપાયેલ સુઓમોટો અંગે એલ.ટી.એમ.ડી. માથી એચ.ટી. જોડાણ કરાવવા સામે વાંધા બાબત.

**સંદર્ભે :** નવરંગ આઈસ એન્ડ ફિશ ની રજુઆત તારીખ: ૨૬.૦૮.૨૦૨૨

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૩૧/ક્વા-૦૨/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, પોરબંદર શહેર

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર, પોરબંદર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૫૧૭ તા. 21 OCT 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૧/ક્વા-૦૨/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી નવરંગ આઈસ એન્ડ ફિશ, ગામ – પોરબંદર

સબડીવીઝન: ઉદ્યોગનગર, પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: બુધવાર (૨૮-૦૯-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૯-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, પોરબંદર જી.આઈ.ડી.સી. માં અમારું યુનિટ લક્ષ્મીબેન નાનજીભાઈ લોઢારી (નવરંગ આઈસ એન્ડ ફિશ) ગ્રાહક નં. ૮૫૯૦૧/૦૧૨૭૦/૪ થી ૫૮ કિલોવોટ નું એલ.ટી. કનેક્શન ધરાવીએ છે. અમોને પીજીવીસીએલ દ્વારા એકાએક કોઈપણ જાતની જાણ કર્યા વગર અમોને રૂ. ૧૫૪૨૭૩/- નું એરીયસ બિલ આપવામાં આવેલ છે. આ બિલ અમોને એવું કહી ને ફટકારવામાં આવેલ છે કે તમો દ્વારા કરારીત વીજભાર થી વધુ વપરાશ કરેલ હોઈ અમોને આ અંગેનું એસ્ટીમેટ આપી સીધી જ આ રકમ બિલમાં ચડાવી આપેલ છે. પરંતુ અમારે આવા એચ.ટી.

કનેક્શન ની કોઈ જરૂરિયાત નથી અમે ખૂબ નાના ઉદ્યોગકાર હોઈ છેલ્લાં ૧૫ વર્ષથી આ યુનિટ ચલાવીએ છીએ. આવું કોઈ દિવસ બનેલ નથી પરંતુ સંજોગોવસાત ૨-૩ વખત વધુ લોડ લેવાયેલ છે. હવે આ લોડ વધુ આવશે નહીં તેની પણ અમો ખાતરી આપીએ છે. અને અમારો લોડ વધારો નથી તો પણ અમો એમ.ડી. વધારાના રૂપિયા ભરીએ છીએ. આ અંગે રાજકોટ ફોરમ દ્વારા આવું એક જજમેન્ટ પણ આપાયેલ હોઈ તેની નકલ પણ આ સાથે સામેલ રાખેલ છે જે વંચાણે લઈ આ અંગે અમોને ન્યાય આપવા આપ સાહેબ ને અરજ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 સવિનય જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભિત બાબતે આપશ્રીને જણાવવાનું કે, અત્રેની વિભાગીય કચેરી હેઠળની ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરીના વીજ ગ્રાહકશ્રી લક્ષ્મીબેન નાનજી લોઢારી - નવરંગ આઈસ એન્ડ ફીશ, ગ્રાહક નંબર ૮૫૯૦૧/૦૧૭૦/૪, LTMD ટેરીફનું આઈસ ફેક્ટરી હેતુનું 58 KW વીજભારનું વીજ જોડાણ ધરાવે છે. સદર વીજ ગ્રાહક દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન ૪(ચાર) વખત નિયત મર્યાદા કરતા વધુ વીજભાર (મેક્ઝીમમ ડીમાન્ડ-MD) નોંધાતા ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી દ્વારા GERC SUPPLY CODE ના પેટા નંબર ૪.૯૫ આ મુજબ પત્ર નં. યુએનએસડી/એચઆર/રેવ/ટેક/કેશ/૧૪૫૫, તા.૨૩.૦૮.૨૦૨૨ અને યુએનએસડી/રેવ/એલટીએમડી/એલ.ઈ./૧૦૬૧, તા.૦૭.૦૬.૨૦૨૨ થી નિયમોનુસાર નોટીસ પાઠવવામાં આવેલ છે.ત્યારબાદ નિયત સમયમર્યાદા અનુસાર સક્ષમ અધિકારીની મંજુરી મેળવીને નિયમોનુસાર એસ્ટીમેટ ગ્રાહકશ્રીને આપવામાં આવતા તેઓ શ્રી દ્વારા માનનીય સી.જી.આર.એફ સમક્ષ ફરિયાદ કરેલ છે, આ કેશની હકીકતલક્ષી સમગ્ર વિગત નીચે મુજબ છે.

(૧) ગ્રાહકનું નામ: લક્ષ્મીબેન નાનજી લોઢારી, જીઆઇડીસી પ્લોટ નં. ૫૫૧, 58 KW

(૨) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન મહતમ વીજભાર ૫% થી વધુ નોંધાયેલ છે જેમની મંથવાઈઝ માહિતી નીચે મુજબ છે.સદર અરજદાર શ્રી નું ૧૪૫ પીઆરટી લેજર જોતાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં નીચે મુજબ ની મહતમ ડિમાન્ડ ૫ % થી વધારે ચાર વખત મંથ વાઈઝ માહિતી નીચે મુજબ જોવા મળે છે.

(F.Y. 2021-22) (F.Y. 2022-23)

| ક્રમ નં. | માસ | નોંધાયેલ મહતમ વીજભાર ૫ % થી વધારે | ક્રમ નં. | માસ | નોંધાયેલ મહતમ વીજભાર ૫ % થી વધારે |
|---|---|---|---|---|---|
| ૧ | મે-૨૦૨૧ | ૭૦.૬૦ KW | ૧ | એપ્રીલ-૨૨ | ૬૮.૫ KW |
| ૨ | સપ્ટેમ્બર-૨૦૨૧ | ૭૩ KW | ૨ | મે-૨૨ | ૭૦ KW |
| 3 | નવેમ્બર-૨૦૨૧ | ૭૩.૨૦ KW | 3 | ઓગષ્ટ-૨૨ | ૬૫ KW |
| ૪ | જાન્યુ.-૨૦૨૨ | ૬૨ KW | ૪ | સેપ્ટ.-૨૨ | ૭૮ KW |

3.૧ ઉપરોક્ત મુજબ મહતમ વીજભાર નોંધવાથી અને ગ્રાહક દ્વારા લોડ વધારા બાબતે કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા પીજીવીસીએલના નિયમોનુસાર ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી

દ્વારા સદર ગ્રાહકને પાઠવવામા આવેલ પત્ર મુજબ રકમ રૂ. ૧૫૪૨૭૩.૦૦ નું અંદાજપત્ર આપવામાં આવેલ છે, જે GERC SUPPLY CODE ના પેટા ક્લોઝ નંબર ૪.૯૫ મુજબ આપવામાં આવેલ છે અને આ અંદાજપત્રની રકમ સદર ગ્રાહક દ્વારા ભરપાઈ કરવામાં આવેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૦ અને ૩.૧ મુજબ પીજીવીસીએલ કંપની ના GERC નોટિફિકેશન ૦૪/૨૦૧૫, ક્લોઝ નં. ૪.૯૫ મુજબ લોડ વધારાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે નિયમોનુસાર છે. અને અરજદાર શ્રી ને બંધન કરતાં રહેશે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧